RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 334
Dt.: 09-10-2025,
Thursday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com





# તંત્રી લેખ......

## ઘટેલા ભાવને કારણે મધ્યમ વર્ગના મનોભાવ બદલાયા

પહેલાં નોરતે શરૂ થયેલો બચત ઉત્સવ વિજયાદશમીએ ખરીદીના મહોત્સવમાં પરિણમ્યો છે. જીએસટીના દરોમાં કપાત-નાબૂદીને પગલે આ વખતે નવરાત્રિ દરમિયાન ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ અને રિટેલ ક્ષેત્રમાં થયેલી ધૂમ ખરીદીનો આંકડો ૧૦ વર્ષની ટોચે પહોંચ્યો છે. જીએસટી સુધારાને કારણે ચીજવસ્તુઓના ભાવ ઘટવાની સાથે જાણે કે ગ્રાહકોની મહેચ્છાઓ આળસ મરડીને ઊભી થઈ અને દેશનાં અર્થતંત્રમાં નવી ચેતનાનો સંચાર થયો છે. જીએસટી કરકપાતનો લાભ કંપનીઓ ગ્રાહકોને આપે એવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભલામણને કંપનીઓ અનુસરી અને તેના કારણે ચીજવસ્તુઓના ભાવ ઘટયા અને વેચાણમાં વધારો થયો. તહેવારોની મોસમમાં ઓણમ, દુર્ગાપૂજા-નવરાત્રિ અને દશેરા દરમિયાન વેચાણમાં વધારો થતો હોય છે, પણ આ વખતે તેમાં જે તેજી આવી છે, એ જોતાં દિવાળીમાં વેચાણના કેવા વિક્રમો સર્જાશે એના પર સૌની નજર છે. ઘટેલા ભાવને કારણે મધ્યમ વર્ગના મનોભાવ બદલાયા છે, એનું પ્રતાબિંબ કાર ઉત્પાદક મારુતિ સુઝુકીના આંકડા જ કહી જાય છે. નવરાત્રિમાં મારુતિએ સાડા ત્રણ લાખ વાહનનું બાકિંગ થયાનું નોંધ્યું છે. ગયાં વર્ષે નવરાત્રિમાં મારુતિએ ૮૫,૦૦૦ બાકિંગ થયાનું નોંધ્યું હતું. પહેલાં જ નોરતે મારુતિએ ૩૦ હજાર કારની ડિલિવરી આપી હતી, જે ૩૫ વર્ષમાં એક દિવસમાં તેમનો સૌથી શ્રેષ્ઠ દેખાવ છે. એ જ રીતે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને હ્યુન્ડાઈ જેવા એસયુવી કારમેકર્સ તથા ટુ-વ્હીલરના ઉત્પાદક હીરો મોટોકોર્પે પણ નવરાત્રિમાં ગ્રાહકોનો ધસારો જોયો હતો, ટાટા મોટર્સ તથા બજાજ ઓટોએ પણ બમ્પર વેચાણ થયાનું જણાવ્યું હતું. ઈલેક્ટ્રોનિક્સ આઈટમ્સમાં પણ ગયાં વર્ષે નવરાત્રિની સરખામણીએ મોટાં પ્રમાણમાં વેચાણ થયાનું નોંધાયું છે. મોટી બ્રાન્ડ અને રિટેલર્સે વેચાણમાં ૫૦ ટકાથી ૧૦૦ ટકા જેવી વૃદ્ધિ થઈ હોવાનું જણાવ્યું છે. ૩૭૫ વસ્તુ પર જીએસટી ઘટાડાને પગલે વેચાણમાં વધારો થયો છે એવું નથી. વડાપ્રધાનની હાકલને કંપનીઓએ સકારાત્મક રીતે લઈ આ લાભ ગ્રાહકોને આપ્યો એ વધુ મહત્ત્વનું છે. વિરોધ પક્ષોએ જીએસટીમાં ઘટાડાના મહત્ત્વને ઓછો આંક્યો છે, પણ સબ કા સાથ, સબ કા વિકાસ'નો મોદીનો મંત્ર આ વખતે પણ કારગત નીવડયો છે. વેપારી સંગઠનોનું માનવું છે કે, દિવાળી વેચાણનો ઓલ-ટાઈમ હાઈ રૂા. ૪.૭૫ લાખ કરોડ પર પહોંચી જશે. નોંધપાત્ર બાબત એ છે કે, આ તેજી ભારતમાં ઉત્પાદિત વસ્તુઓના વેચાણને કારણે હશે. મોદી સરકારના એક પગલાંએ અર્થતંત્રનું આખું ચક્ર ફેરવી નાખ્યું છે.

# ૯ ઓક્ટોબર, પોષણ દિવસઃ શ્રી નરેન્દ્ર મોદીના જનસેવાના ૨૪ વર્ષો દરમિયાન ગુજરાતમાં પોષણનું સ્તર સુધારવા માટે અનેક યોજનાઓ અમલી

### ગુજરાતની પોષણ પહેલોની મોટી અસરઃ છેલ્લા ૭ વર્ષોમાં અંડરવેટ બાળકો ૩૯.૭%થી ઘટીને ૧૭.૨%, સ્ટંટિંગ ૩૯%થી ઘટીને ૩૦.૯%, શારીરિક દુર્બળતા ૨૫% થી ઘટીને ૬.૭% થઈ

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, જેને ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. તેમની જનસેવાના ૨૪ વર્ષની સંકલ્પ સિદ્ધિની ગાથા જનજનમાં ઉજાગર કરવા માટે રાજ્યમાં ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. વિકાસ સપ્તાહ અંતર્ગત ૯ ઓક્ટોબરનો દિવસ પોષણ દિવસ તરીકે ઉજવવામાં આવશે. છેલ્લા ૨૪ વર્ષો દરમિયાન ગુજરાતમાં પોષણનું સ્તર સુધારવા માટે અનેક યોજનાઓ અમલી બનાવવામાં આવી છે.

રાજ્યમાં સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓ તેમજ તેમના બાળકોને પૂરતું પોષણ અને આહાર મળે તે માટે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સંનિષ્ઠ પ્રયાસો કર્યા હતા. આજે વડાપ્રધાન તરીકેના તેમના 'સહી પોષણ, દેશ રોશન'ના મંત્રને સાકાર કરવાની દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની પોષણ સંબંધિત પહેલોના સકારાત્મક પરિણામો હવે સ્પષ્ટપણે જોવા મળી રહ્યા છે. પોષણની પહેલો અમલી કરવાને કારણે રાજ્યના બાળકોમાં ઓછું વજન, સ્ટંટિંગ (ઓછી હાઈટ) અને શારીરિક દુર્બળતા જેવા પડકારોમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. છેલ્લા ૭ વર્ષના આંકડાઓ પર નજર નાખીએ, તો ICDS એટલે કે, ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસિસ (સંકલિત બાળવિકાસ સેવાઓ) હેઠળ પોષણ માટે ગુજરાત સરકારના વ્યાપક અને સઘન પ્રયાસોના પરિણામે ૨૦૧૯માં ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ ૩૯.૭% હતું, જે ૨૦૨૫માં ઘટીને ૧૭.૨% થયું છે, સ્ટંટિંગ એટલે કે ઓછી હાઈટનું પ્રમાણ ૩૯% થી ઘટીને ૩૦.૯% થયું છે તેમજ શારીરિક દુર્બળતા ૨૫%થી ઘટીને ૬.૭% થઈ છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યની તમામ પોષણ સંબંધિત યોજનાઓનો લાભ લગભગ ૪૫ લાખથી વધુ મહિલાઓ મેળવી રહી છે.

★ દરેક માતા, દરેક બાળક પોષિતઃ ૫ લાખ લાભાર્થીઓ સુધી પહોંચવાનું 'મુખ્યમંત્રી માતૃશક્તિ મિશન'★

માતાઓ અને બાળકોના પોષણ તેમજ આરોગ્યને સશક્ત બનાવવા માટે મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના સમગ્ર રાજ્યમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. આ યોજના હેઠળ ગર્ભધારણથી લઈ શિશુના જન્મ પછી શરૂઆતના બે વર્ષ સુધી મહિલાઓ અને તેમના બાળકોને પૌષ્ટિક આહાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. રાજ્યના ૫૩,૦૬૫ આંગણવાડી કેન્દ્રોમાં મહિલાઓને દર મહિને ૧ લીટર મગફળીનું તેલ, ૧ કિલોગ્રામ તુવેર દાળ તથા ૨ કિલોગ્રામ ચણાની ન્યુટ્રિશન કિટનું વિતરણ કરવામાં આવે છે.

આ પહેલ થકી માતાઓ અને બાળકોના આરોગ્યમાં જ સુધારો નથી જોવા મળી રહ્યો, પણ તેમનો સમગ્રતયા વિકાસ પણ સુદૃઢ થયો છે. દર વર્ષે લગભગ ૫ લાખ મહિલાઓ તેમજ બાળકોને આ યોજનાથી લાભાન્વિત કરવાનું મિશન છે, જે માતૃત્વ અને બાળપણના શરૂઆતના વર્ષોમાં શ્રેષ્ઠ પોષણ તથા આરોગ્ય સુનિશ્ચિત કરવા માટેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

★ટેક હોમ રાશન અને હૉટ કૂક્ડ મીલનો લાભ ૨૮ લાખથી વધુ લાભાર્થીઓ સુધી પહોંચ્યો★

માતાઓ અને બાળકોના પોષણ તેમજ આરોગ્યને સુદૃઢ બનાવવા માટે ગુજરાતમાં ૨૦૧૭થી ટેક હોમ રાશન પ્રોગ્રામ ચલાવવામાં આવી રહ્યો છે. રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રો સુધી રાશન પહોંચાડવાનું કાર્ય ત્રણ મુખ્ય ડેરી કો-ઓપરેટિવ્સ તથા ગુજરાત કો-ઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના માધ્યમથી કરવામાં આવે છે. આ પ્રોગ્રામ હેઠળ સગર્ભા તથા સ્તનપાન કરાવતી માતાઓને દર મહિને ૧ કિલોગ્રામ રાશનના ચાર પૅકેટ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. બીજી બાજુ, છ મહિનાથી ત્રણ વર્ષ સુધીની વયના સામાન્ય બાળકોને બાળ શક્તિ આહારના સાત પૅકેટ તથા ગંભીર રીતે કુપોષિત બાળકોને દસ પૅકેટ આપવામાં આવે છે.

આ સાથે જ, ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડી કેન્દ્રોમાં દરરોજ હૉટ કૂક્ડ મીલ એટલે કે ગરમ ભોજન પણ પૂરું પાડવામાં આવે છે, જેથી બાળકોનું પોષણ સ્તર સુદૃઢ થવાની સાથે તેમના પ્રારંભિક વિકાસમાં મદદ મળે છે. અત્યાર સુધી ટેક હોમ રાશન પ્રોગ્રામથી ૧૬.૫ લાખથી વધુ માતાઓ તથા બાળકોને લાભ મળ્યો છે, જ્યારે હૉટ કૂક્ડ મીલનો લાભ ૧૧.૬ લાખથી વધુ બાળકો સુધી પહોંચ્યો છે. આ રીતે, ૨૮ લાખથી વધુ લાભાર્થીઓ આ બંને યોજનાઓ સાથે સંકલિત થયા છે.

★પોષણ સુધા, દૂધ સંજીવની તથા પૂર્ણા યોજનાઃ રાજ્ય સરકારની માતૃત્વ તથા બાળ આરોગ્ય સંબંધિત પહેલ★

માતાઓ, બાળકો તથા કિશોરીઓના પોષણ અને આરોગ્યને સુદૃઢ બનાવવા માટે ગુજરાત સરકારે સતત મહત્વાકાંક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. પોષણ સુધા યોજના રાજ્યની મહત્વાકાંક્ષી યોજનાઓમાંની એક છે, જેનો પ્રારંભ ૨૦૧૭-૧૮માં ૧૦ જિલ્લાઓથી થયો હતો અને હવે ૧૪ આદિવાસી જિલ્લાઓના ૧૦૬ તાલુકાઓમાં આ યોજના સક્રિય છે. આ યોજના હેઠળ દર મહિને લગભગ ૧.૨ લાખ મહિલાઓ સુધી વિશેષ ભોજન, આયર્ન તેમજ ફોલિક એસિડ, કેલ્શિયમની ગોળીઓ અને આરોગ્ય પરામર્શ પહોંચાડવામાં આવે છે.

આ જ દિશામાં દૂધ સંજીવની યોજનાએ પણ મહત્વની ભૂમિકા નિભાવી છે. તેના હેઠળ ૬ મહીનાથી ૬ વર્ષ સુધીના બાળકોને આંગણવાડી કેન્દ્રોમાં અઠવાડિયામાં પાંચ દિવસ ૧૦૦ મિલીલીટર ફોર્ટીફાઈડ દૂધ આપવામાં આવે છે. બીજી બાજુ, સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓને અઠવાડિયામાં બે વાર ૨૦૦ મિલીલીટર પોષણયુક્ત દૂધ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ પહેલથી લગભગ ૯.૩ લાખ લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો થયો છે, જેનાથી માતાઓ તથા બાળકોનું આરોગ્ય સશક્ત થયું છે. આ જ રીતે, પૂર્ણા યોજના હેઠળ રાજ્યની ૧૫થી ૧૮ વર્ષની અંદાજે ૧૦ લાખ કિશોરીઓને દર મહિને ૧ કિલોગ્રામના ચાર પૅકેટ પોષણયુક્ત આહાર તથા દર અઠવાડિયે આયર્ન-ફોલિક એસિડ ટૅબલેટ્સ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ ત્રણેય પહેલોનો ઉદ્દેશ કુપોષણ તેમજ એનીમિયાને ઘટાડવાની સાથે-સાથે બાળકો તથા કિશોરીઓને શારીરિક તેમજ માનસિક રીતે મજબૂત બનાવવાનો પણ છે.

## એક્ટર દુલકર સલમાન અને પૃથ્વીરાજ સુકુમારનના ઘરે EDની રેડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભૂટાનથી લક્ઝરી કાર્સની તસ્કરીનો મામલો હવે ગંભીર બનતો જઈ રહ્યો છે. બુધવારે EDએ કેરળ અને તમિલનાડુમાં ૧૭ અલગ અલગ જગ્યાઓ પર રેડ કરી હતી. આ રેડમાં મલયાલમ ફિલ્મોના પ્રખ્યાત એક્ટર મમૂટી, તેમનો પુત્ર દુલકર સલમાન, એક્ટર પૃથ્વીરાજ સુકુમારન અને અમિત ચકલક્કલના ઘર શામેલ છે. EDના જણાવ્યા પ્રમાણે આ કાર્યવાહી વિદેશી મુદ્રા પ્રબંધન કાયદાના ઉલ્લંઘન સાથે જોડાયેલી છે. જોકે EDની આ કાર્યવાહી હાલ દેશમાં ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે. મમૂટીના ઘરે એલમકુલમમાં, દુલકરના કોચ્ચિ અને ચેન્નઈવાળા ઘરમાં, પૃથ્વીરાજના નિવાસ અને અમિતના કદવંથરા સ્થિત આવેલા ઘરોમાં આ રેડ કરવામાં આવી છે. આ સિવાય પાંચ જિલ્લામાં કાર ડિલરોના ત્યાં તપાસ કરવામાં આવી હતી. તપાસમાં સામે આવ્યું કે ઘણા લોકો ભૂટાન અને નેપાળના રસ્તેથી મોંઘી કારો ભારતમાં ગેરકાયદેસર લાવી રહ્યા છે. આ કારોમાં ટોયોટા લેન્ડ ક્રૂઝર અને લેન્ડ રોવર ડિફેન્ડર જેવી મોંઘી ગાડીઓ શામેલ છે. આરોપ છે કે આ કાર્સના ફરજી દસ્તાવેજ પણ બનાવવામાં આવ્યા છે. જેમાં ભારતીય સેના, અમેરિકી દૂતાવાસ અને વિદેશ મંત્રાલયના નામથી નકલી કાગળો શામેલ છે. આ નકલી દસ્તાવેજોની મદદથી કાર્સને અરુણાચલ પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને અન્ય રાજ્યોમાં ખોટી રીતે રજિસ્ટર કરવામાં આવી. બાદમાં આ કાર્સ સેલિબ્રિટી સહિત અનેક લોકોને ઓછા ભાવમાં વેચી દેવામાં આવતી હતી. આ કાર્યવાહી ત્યારે થઈ જ્યારે કેરળ હાઈકોર્ટે દુલકરની જપ્ત કરેલી કાર માટે ભારતીય કસ્ટમ વિભાગને સંપર્ક કરવાની પરવાનગી આપવામાં આવી હતી. કોર્ટે કસ્ટમ વિભાગને આદેશ આપ્યો કે દુલકર તરફથી યોગ્ય કાગળ અને સિક્યોરિટી જમા કરવાને લઈને એક સપ્તાહમાં કારને રિલીઝ કરવાનો વિચાર કરવામાં આવે. કોર્ટમાં દુલકરના વકીલે જણાવ્યું કે આ કાર ૨૦૦૪માં રેડ ક્રોસ માટે કાયદાકીય રીતે આયાત કરવામાં આવી હતી અને બાદમાં કાયદેસર ખરીદવામાં આવી હતી. જોકે કસ્ટમ વિભાગે તેમની પાસે જે જાણકારી હતી તેના આધારે કારને જપ્ત કરવાનો અધિકાર જણાવ્યો છે.

### એલોન મસ્કની કાર કંપની સામે દાવો

## અકસ્માતમાં તો બચી ગયા પણ ટેસ્લાએ જીવતા સળગાવી દીધા

### વાહનની ડિઝાઈનને કારણે, અકસ્માત પછી વાહનના દરવાજા ખુલવામાં નિષ્ફળ ગયા, જેના કારણે મૃત્યુ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અબજોપતિ ઉદ્યોગપતિ એલોન મસ્કની ઈલેક્ટ્રિક કાર કંપની, ટેસ્લા, હાલમાં કટોકટીનો સામનો કરી રહી છે. ટેસ્લા પર એવા અકસ્માતોમાં જાનહાનિનો આરોપ છે જેને બચાવી શકાયા હોત, જોકે વાહનમાં આગ લાગવાથી પીડિતોના મોત થયા હતા. વાહનની ડિઝાઈનને કારણે, અકસ્માત પછી વાહનના દરવાજા ખુલવામાં નિષ્ફળ ગયા, જેના કારણે પીડિતો અંદર ફસાઈ ગયા અને તેમના મૃત્યુ થયા. ક્રોન ૪ ના અહેવાલ મુજબ, ગયા વર્ષે પીડમોન્ટમાં એક અકસ્માતમાં ત્રણ વિદ્યાર્થીઓના મોત થયા હતા. મિત્રો ટેસ્લા સાયબરટ્રકમાં થેંક્સગિવિંગથી પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત થયો. જેના પરિણામે ત્રણ લોકો (સુકાહારા, ડિક્સન અને નેલ્સન) દરવાજો ન ખુલતા અંદર બળીને મૃત્યુ પામ્યા હતા. એક વિદ્યાર્થી, જેક, એક રાહદારીની મદદથી કાચ તોડીને ભાગી છૂટવામાં સફળ રહ્યો, પરંતુ તેને ગંભીર ઈજા થઈ. ટેસ્લા સામે પહેલો દાવો ૧૯ વર્ષીય સુકાહારાએ કર્યો હતો, જેનું ૨૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ આગમાં મૃત્યુ થયું હતું. બીજો દાવો ૨૦ વર્ષીય નેલ્સન દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો, જે પાછળની સીટ પર સુકાહારાની બાજુમાં બેઠો હતો. નેલ્સનના મુકદ્દમામાં સાયબરટ્રકની ડિઝાઈનને પણ દોષી ઠેરવવામાં આવી હતી. ક્રોન ૪ એ ટાંક્યું હતું કે, આ ઘટના ટેસ્લા સાયબરટ્રકમાં વિનાશક ડિઝાઈન ખામીઓને કારણે બની હતી. આ સમસ્યાઓએ એક નાના અકસ્માતને જીવલેણ અકસ્માતમાં ફેરવી દીધો. ત્રણ લોકો મૃત્યુ પામ્યા, પરંતુ ફક્ત એક વિદ્યાર્થી બચી ગયો. તે પણ આગથી ઘાયલ થયો, અન્યથા તે અકસ્માતમાં બચી શક્યો ન હોત.

જેકને બચાવનાર રાહદારીએ સુકાસાહારાના ભાગવાના નિષ્ફળ પ્રયાસોનું વર્ણન કરતા કહ્યું કે તેણીએ ભાગવાનો ખૂબ પ્રયાસ કર્યો.


તેણીએ તૂટેલી બારી સુધી પહોંચવા માટે પાછળની સીટ પરથી આગળની સીટ પર ક્રોલ કરવાનો પ્રયાસ કર્યો. તેણીએ તેનો હાથ બહાર કાઢવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિકરાળ આગથી તેને પાછો ફરવાની ફરજ પડી. મીડિયા સાથે વાત કરતા, પીડિતોનું પ્રતિનિધિત્વ કરતા વકીલોએ જણાવ્યું હતું કે, ઘટના દરમિયાન તેઓ બધા સંપૂર્ણપણે ભાનમાં હતા. તેમના મૃત્યુ દરમિયાન તેમને અકલ્પનીય પીડા સહન કરવી પડી હશે, કારણ કે આગ તેમને ઘેરી લેતી હતી, જે આખરે તેમના મૃત્યુ તરફ દોરી ગઈ હતી.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આધારીત મેરા દેશ પહેલે કાર્યક્રમ ૧૦ ઓકટોબરે ગીફ્ટ સીટીમાં યોજાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં આકાર લઈ રહેલા નવા ભારતના રૂપાંતરણની એક અનોખી કહાની મેરા દેશ પહેલે,નો ગુજરાતમાં સૌ પ્રથમ શો તારીખ ૧૦ ઓકટોબર ૨૦૨૫ શુક્રવારે ગીફ્ટ સીટી ગાંધીનગર ખાતે યોજાશે. વડાપ્રધાન મોદીએ હંમેશા રાષ્ટ્ર હિત સર્વોપરી રાખીને પોતાનુ જીવન રાષ્ટ્રને સમર્પિત કરેલુ છે, તેમના સમગ્ર જીવનની અનેક ઘટનાઓ / પ્રસંગો દેશવાસીઓમાં દેશપ્રેમ સમ્પર્ણ અને રાષ્ટ્ર પ્રથમના ભાવ માટે પ્રેરણાદાયી બન્યા છે. મેરા દેશ પહેલે મોદીની એ અદ્વિતિય સફરને મેગા શો દ્વારા જીવંત કરે છે, મેરા દેશ પહેલેના દેશના અન્ય રાજયોમાં સફળ અને પ્રશંસનીય મંચન બાદ ગુજરાતમાં પ્રથમવાર ગીફ્ટ સીટી પરીસરમાં આ શો વિના મુલ્યે પ્રવેશ થી યોજાવાનો છે. ૧૦ ઓકટોબર શુક્રવારે સાંજે ૬ વાગે ગીફ્ટ સીટીમાં આ શો નિહાળવા માટે માત્ર ઓનલાઈન રજીસ્ટ્રેશન થી જ વિના મુલ્યે એન્ટ્રી રાખવામાં આવેલી છે. આ માટu www.gift gujarat.in પર રજીસ્ટ્રેશન કરાવી શકાશે. પ્રસિધ્ધ સર્જક મનોજ મુંતશીર નિર્મિત મેરા દેશ પહેલે નુ મંચન નિહાળવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને મંત્રીઓ તથા સમાજ જીવનના વિવિધ અગ્રણીઓને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યા છે. ૨૪ વરસ પહેલા બરાબર આજના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પહેલીવાર શપથ લીધા હતા, આ ખાસ પ્રસંગને યાદ કરતા પીએમ મોદીએ સોશીયલ મીડીયા પર તેમના શપથ ગ્રહણ સમારોહનો એક જુનો ફોટો શેર કર્યો હતો. અને તેને તેમના રાજકીય કારર્કિદીમાં એક વળાંક ગણાવ્યો છે. તેમના ઈન્સ્ટ્રાગ્રામ એકાઉન્ટ પર ફોટો શેર કરતા પીએમ મોદીએ લખ્યુ ૨૦૦૧ માં આજના દિવસે મે પહેલીવાર ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, મારા દેશ વાસીઓના સતત આશીર્વાદ થી હું સરકારના વડા તરીકે મારી સેવાના ૨૫ માં વરસમાં પ્રવેશ કરી રહ્યો છું. ભારતના લોકો પ્રત્યે મારી કૃતજ્ઞતા, આ વરસો દરમિયાન મારો સતત પ્રયાસ આપણા લોકોના જીવનને સુધારવાનો અને આ મહાન રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપવાનો રહ્યો છે. જેણે આપણને બધાને પોષ્યા છે.

## જાદર તાલુકામાં વાયરલ થયેલા અહેવાલ મામલે રમણલાલ વોરાએ આપી પ્રતિક્રિયા




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપના વરીષ્ઠ નેતા અને ઈડર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય તેમજ પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાએ જાદર તાલુકામાં સોશીયલ મીડીયા પર ફરતા નકારાત્મક સમાચાર અને આરોપોનુ સખતપણે ખંડન કર્યુ છે. તેમણે આ અહેવાલોને પાયા વિહોણા અને સોશીયલ મીડીયામાં ખ્યાતિ મેળવવા માટે મીડીયા યુકિત ગણાવ્યા, તેમણે માંગ કરી છે કે સરકાર આ મામલાની તપાસ કરે જેથી સત્ય બહાર આવે.

૧૯૭૩ થી રાજકારણમાં સક્રિય રમણલાલ વોરાએ તેમની રાજકીય કારર્કિદી જનસંઘ કાર્યકર તરીકે શરૂ કરી હતી અને હાલમાં તેઓ ભારતીય જનતા પાર્ટી ના વફાદાર સૈનિક તરીકે ઓળખાય છે.

તેમણે ૨૨ વરસ સુધી સરકાર અને સંગઠનાત્મક સ્તરે કામ કર્યુ છે. જેમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને શિક્ષણમંત્રી જેવા મહત્વપૂર્ણ હોદ્દાઓનો સમાવેશ થાય છે, ૨૦૨૨ ની વિધાનસભા ચુંટણીમાં ઈડર થી જીત મેળવનાર રમણલાલ વોરાએ કહ્યુ હતુ કે આજ સુધી મારા નામે મીડીયામાં કોઈ નકારાત્મક સમાચાર આવ્યા નથી. મારી પાસે ફકત બે મોબાઈલ ફોન છે, જે મારી સાદગી દર્શાવે છે, જાદર તાલુકામાં વાયરલ થયેલા સમાચારનો ઉલ્લેખ કરતા રમણલાલ વોરાએ સ્પષ્ટતા કરી હતી કે આ આરોપોમાં કોઈ સત્ય નથી. તેમણે વધુમાં કહ્યુ કે મારી પાસે આ લખનારા લોકોના નામ અને નંબર છે, હું આ કરી શકતો નથી, તેમણે એવુ પણ કહ્યુ કે આવા સમાચાર તેમના મતવિસ્તારના કોઈએ બનાવ્યા નથી. પરંતુ સોશીયલ મીડીયા પર પ્રસિધ્ધિ મેળવવાનો પ્રયાસ હોઈ શકે છે. જાદર તાલુકાની માંગણી વિશે બોલતા રમણલાલ વોરાએ કહ્યુ હતુ કે જયારે આ માંગણી કરવામાં આવી ત્યારે હું ધારાસભ્ય ન હતો, પરંતુ હું સ્થાનિક નાગરીકોના સંપર્કમાં હતો, મેં આ સંદર્ભમાં મુખ્યમંત્રીને એક મેમોરેન્ડમ સુપ્રત કર્યુ હતું.

તેમણે ચુંટણીમાં જીત અને હારને સામાન્ય ગણાવી અને કહ્યુ હતુ કે આ અહેવાલો સંપૂર્ણ ખોટા છે. રમણલાલ વોરાએ સરકારને આ મામલાની તપાસ કરવા અપીલ કરી છે. વધુમાં તેમણે કહ્યુ કે મીડીયા જે ઈચ્છે તે લખી શકે છે. પરંતુ જો સરકાર આ મામલાની તપાસ કરશે તો સત્ય બહાર આવશે. ભાજપ પ્રત્યેની પોતાની વફાદારી પર ભાર મુકતા તેમણે કહ્યુ કે આજે તે મારી પાર્ટી છે અને હું હંમેશા તેના પ્રત્યે વફાદાર રહીશ,

સાબરકાંઠા જિલ્લામાં જાદર તાલુકાની માંગ વરસોથી ચાલી રહી છે, પરંતુ જાદર તાલુકો બનાવવામાં ન આવ્યો હોવાથી રહેવાસીઓ નારાજ છે, ઈડરના ભાજપના ધારાસભ્ય રમણલાલ વોરાએ જાદર ભાજપ ગૃપને વોટસએપ સંદેશા પોસ્ટ કર્યા , જેના કારણે સ્થાનિકો અને પક્ષના કાર્યકરોએ વિરોધ કર્યો હતો. જાદરને તાલુકો જાહેર ન કરવા અંગે ધારાસભ્ય રમણલાલ વોરાએ જાદર ભાજપ વોટસએપ ગૃપમાં સંદેશ મોકલ્યો હતો. રમણલાલ વોરાએ લખ્યુ હતુ કે ઈડરમાં વિસાવદરવાળી રચના થશે, તૈયારીઓ શરૂ કરો, છેલ્લા કેટલાક સમયથી, જાદરને ઈડર થી તાલુકો અલગ કરવાની માંગ કરવામાં આવી રહી છે.

જાદર અને આજુબાજુના ગામડાઓના નેતાઓએ રાજીનામુ આપવાની ધમકી આપી છે. તાજેતરમાં સરકારે તાલુકાને અને જિલ્લામાં વિભાજીત કર્યા છે. ગુજરાતમાં વાવ થરાદ જિલ્લા સહિત ૧૭ નવા તાલુકાઓ બનાવવામાં આવ્યા છે.

જાદરને તાલુકો જાહેર ન કરવા અંગે ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરાએ જાદર ભાજપ વોટસએપ ગૃપમાં સંદેશ મોકલ્યો, રમણલાલ વોરાએ કહ્યુ તમારે તૈયારી શરૂ કરવી જોઈએ, જો જાદરને તાલુકો જાહેર ન કરવામાં આવે તો ઈડરમાં વિસાવદરવાળી રચના કરવી પડશે. રમણલાલ વોરાએ કહ્યુ કે જો સરકારે તે કરવુ જ હોત તો તે ૩ વરસમાં કરી હોત, અમે ઈડરવાળાને તાલુકો બનવા દઈશુ નહી, વિસાવદરવાળી રચના કરવી પડશે, ભાઈઓ તૈયારીઓ શરૂ કરો,

રમણલાલ વોરા પર સંગઠન સાથે છે કે કોઈ આગળ નથી આવી રહ્યુ તે અંગે તીખી ટીપ્પણી કરવાનુ ટાળે છે. જાદર તાલુકાના ભાજપના કાર્યકરો સમક્ષ રજુઆત કરતા વોરાએ કહ્યુ હતુ કે હું મારા બધા વરીષ્ઠ અને નાના સાથીદારોને નમ્ર વિનંતી કરૂ છુ કે હાલમાં આપણી પાસે ફકત એક જ મુદ્દો છે જાદર તાલુકો, આ આપણા અધિકારોનો પ્રશ્ન છે, તેથી તાલુકા સિવાય અન્ય કોઈપણ બાબતની ચર્ચા ન કરો, ભાજપ, કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીની ચર્ચા ન કરો, કૃપા કરીને, તાલુકાની રચના ન થયા પછી પક્ષનો મુદ્દો આવે છે. આ સમયે કોઈપણ પક્ષની ચર્ચા કરવાનો ફાયદો નથી. ઘણા વરસોથી જાદર પ્રદેશના લોકો ઈડર તાલુકાથી અલગ થઈને સ્વતંત્ર તાલુકો બનાવવાની માંગ કરી રહ્યા છે. જાદરને નવા તાલુકાઓની યાદીમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. જેના કારણે સ્થાનિકોમાં રોષ ફેલાયો હતો. જેના કારણે વિરોધ અને પ્રદર્શનો થયા હતા.

## 'બિગ બોસ કન્નડ' શોને તાત્કાલિક બંધ કરવાનો આદેશ મળ્યો : પ્રદૂષણ બોર્ડે નોટિસ ફટકારી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

કન્નડ સિનેમાનો સૌથી લોકપ્રિય શો 'બિગ બોસ કન્નડ સીઝન ૧૨' બંધ થઈ રહ્યો છે. કર્ણાટક રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ એ બિદાદીમાં આવેલા જે સ્ટુડિયોમાં શોનું શૂટિંગ થઈ રહ્યું છે, ત્યાં ગંભીર પર્યાવરણીય ઉલ્લંઘનનો આરોપ લગાવતા આ આદેશ જાહેર કર્યો છે.૬ ઓક્ટોબરના રોજ બોર્ડે 'વેલ્સ સ્ટુડિયોઝ એન્ડ એન્ટરટેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ'ને સ્થળ પર ચાલી રહેલી બધી પ્રવૃત્તિઓ (શૂટીંગ સહિત) તાત્કાલિક બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે.બોર્ડના નિવેદન મુજબ, પરિસરમાં મોટા પાયે મનોરંજન અને સ્ટુડિયો ચલાવવામાં આવી રહ્યો છે, જ્યારે તેના માટે જરૂરી સંમતિ અને કન્સેન્ટ ઓફ ઓપરેશન મેળવવામાં આવ્યું નથી, જે જળ પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ ૧૯૭૪ અને વાયુ પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ ૧૯૮૧ની વિરૂદ્ધ છે.નોટિસમાં ચેતવણી આપવામાં આવી છે કે, જો સ્ટુડિયો આદેશનું પાલન નહીં કરે અને તાત્કાલિક બંધ નહીં કરે, તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. 'બિગ બોસ કન્નડ' ની ૧૨મી સીઝનનું શૂટિંગ હાલમાં આ સ્ટુડિયોમાં થઈ રહ્યું છે. આ શો ૨૮ સપ્ટેમ્બરના રોજ ૧૯ સ્પર્ધકો સાથે શરૂ થયો હતો. લોકપ્રિય કન્નડ એક્ટર કિચ્ચા સુદીપ આ શોને હોસ્ટ કરી રહ્યો છે. હાલમાં આ સૌથી વધુ જોવાયેલા કન્નડ શોમાંનો એક છે. હાલમાં, ત્રણ સ્પર્ધકોને બહાર કાઢવામાં આવ્યા છે અને બાકીના ૧૬ સ્પર્ધકો સાથે શૂટિંગ ચાલી રહ્યું છે.

### ૪ લોકોના મોત, ૬ ઈજાગ્રસ્ત

## છત્તીસગઢમાં મોટી દુર્ઘટના, વીજ પ્લાન્ટમાં લિફ્ટ ધરાશાયી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાયપુર,

છત્તીસગઢમાં આજે મોટી દુર્ઘટના સર્જાઈ છે. સક્તી જિલ્લામાં એક પ્રાઈવેટ પાવર પ્લાન્ટમાં લિફ્ટ તૂટી પડી છે. આ દુર્ઘટનામાં ચાર લોકોના મોત થયા છે, જ્યારે છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ દુર્ઘટના અંગે પોલીસે જણાવ્યું કે, આ દુર્ઘટના ઉચ્ચપિંડા ગામના ડભરા વિસ્તારમાં આવેલા આરકેએમ પાવરજેન પ્રાઈવેટ લિમિટેડ પ્લાન્ટમાં બની છે. સક્તી જિલ્લાના એસપી અંકિતા શર્માએ જણાવ્યું કે, ૧૦ કર્મચારીઓ પોતાની શિફ્ટ પૂરી કરીને નીચે ઉતરી રહ્યા હતા ત્યારે અચાનક લિફ્ટ ધરાશાયી થઈ ગઈ હતી. દુર્ઘટના બાદ ઘાયલોને રાયગઢની જિંદલ ફોર્ટિસ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં સારવાર દરમિયાન ચાર લોકોના મોત થઈ ગયા છે. બીજી તરફ અન્ય છ ઘાયલોની સારવાર ચાલી રહી છે. એસપી શર્માએ આગળ જણાવ્યું કે, લિફ્ટની ક્ષમતા લગભગ ૨,૦૦૦ કિલોગ્રામ છે અને તાજેતરમાં જ ૨૯ સપ્ટેમ્બરના રોજ જાળવણી કાર્ય કરવામાં આવ્યું હતું. ઘટનાનું કારણ જાણવા માટે તપાસ ચાલી રહી છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA





# રાજયની મહાનગરપાલિકા, નગરપાલિકા અને ગ્રામ પંચાયતોને ગુજરાત રોડ સેફટી ઓથોરીટીનો કડક આદેશ






## ચાલનારા માટે ફુટપાથ ખાલી રાખવી ફરજીયાત : ફુટપાથ પર ફેરીયાઓ ન બેઠા હોવા જોઈએ : ફુટપાથ પર વાહનો પાર્ક ન કરેલા હોવા જોઈએ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રોડ સેફટી ઓથોરીટીએ (જીઆરએસએ) રાજયના દરેક રોડ રસ્તાઓ પરની ફુટપાથ ચાલનારાઓ માટે અનામત રાખવાની વ્યવસ્થા કરવાનો આદેશ આપ્યો છે. ફુટપાથ પર ફેરીયાઓ અડ્ડો જમાવીને બેસી ન જાય તેના પર ચુસ્ત નજર રાખવાની સુચના આપી દેવામાં આવી છે. નાગરીકોની સલામતી માટે અને સરળતાથી રસ્તા પર સામાન્ય નાગરીકો અને સીનીયર સીટીઝન્સ કે સુપર સીનીયર સીટીઝન્સ હરીફરી શકે તે માટે પણ આ સુવિધા ઉભી કરવી જરૂરી છે. ગુજરાતની તમામ અર્બન લોકલ બોડી એટલે કે મહાનગરપાલિકા, નગરપાલિકા અને ગ્રામીણ સ્તરની સંસ્થાઓને ફુટપાથ પર અન્ય કોઈ વસ્તુઓ કે ફેરીયાઓ અડ્ડો ન જમાવી લે તેની તકેદારી રાખવાની સુચના ગુજરાત રોડ સેફટી ઓથોરીટીએ આપી દીધી છે. તેની સાથે જ રોડ રસ્તાઓ પરના હીટ એન્ડ રનના કેસો નિયંત્રણમાં આવે તે માટે સરકાર તરફથી પણ પગલા લેવામાં આવે તે જરૂરી હોવાનુ ગુજરાત રોડ સેફટી ઓથોરીટી માને છે, તેને માટે ફુટપાથ પર ફેરીયાઓ ન બેઠા હોવા જોઈએ, ફુટપાથ પર વાહનો પાર્ક ન કરેલા હોવા જોઈએ, ગુજરાત રોડ સેફટી ઓથોરીટીનુ માનવુ છે કે રોડ રસ્તાઓ પર થતા અકસ્માત માટે પણ ફુટપાથ પર થતા એન્ક્રોચમેન્ટ જવાબદાર છે. ચાલીને જનારાઓ ખોટી રીતે મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. હીટ એન્ડ રનનો ભોગ બનનારાઓને વળતર આપવા માટેની માત્ર ૩૬ ટકા ફાઈલ જ અત્યાર સુધીમાં કલીયર થઈ છે. હીટ એન્ડ રનનો ભોગ બનેલા ૬૪ ટકા લોકોને હજુ સુધી વળતર મળ્યુ જ નથી. ગુજરાત સરકાર તેમને વળતર અપાવવાની પ્રક્રિયાને ઝડપી બનાવે તે જરૂરી છે. તેથી જ ફુટપાથ પરના એન્ક્રોચમેન્ટ ને દુર કરવા કે ફુટપાથ પરના અવરોધો દુર કરવા અનિવાર્ય બની ગયા છે. પદાતિઓ નિશ્ચિત થઈને તેના પર ચાલી શકવા જોઈએ. ઈન્ડીયન રોડ કોંગ્રેસે પણ ફુટપાથ ખાલી કરવા માટે નિર્દેશ આપેલા છે.

# મંત્રી મંડળના વિસ્તરણ અંગે મુખ્યમંત્રીએ કેબિનેટમાં કહી દીધુ : હાલ કંઈ થવાનુ નથી ચિંતા ન કરશો : બેઠકમાં આવતાની સાથે જ કહ્યુ હતુ કે હાલ કોઈ ફેરફાર નથી બધા કામે લાગી જાઓ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં લાંબા સમયથી સરકારના મંત્રી મંડળમાં ફેરફાર થવાની ચર્ચાઓએ જોર પકડયુ છે. અગાઉ નવરાત્રી અને હવે દિવાળી બાદ મંત્રી મંડળમાં ફેરફાર થવાની અટકળો શરૂ થઈ ગઈ છે.

રાજયમાં જગદીશ વિશ્વકર્માને ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકેની જવાબદારી સોંપાઈ ત્યારબાદ પણ મંત્રી મંડળમાં વિસ્તરણ થવાની વાતો વહેતી થઈ છે. રાજયના મંત્રી મંડળમાં કુલ ૨૭ સભ્યોનો સમાવેશ કરી શકાય છે. જેની સામે હાલમાં મુખ્યમંત્રી સહિત ૧૭ સભ્યોને સ્થાન આપવામાં આવ્યુ છે. સામાન્ય રીતે વિધાનસભાની ચુંટણીના એકાદ વરસ અગાઉ મંત્રી મંડળ અને પક્ષના સંગઠનમાં ધરખમ ફેરફારો અને વિસ્તરણને અવકાશ હોય છે.

અગાઉ રાજયમાં આ પ્રકારે ફેરફારો જોવા મળ્યા છે. મંત્રી મંડળમાં વિસ્તરણ થવા અંગેની સતત થઈ રહેલી ચર્ચાઓ વચ્ચે મુખ્યમંત્રીએ રાજયના મંત્રીઓ સામે સ્પષ્ટતા કરવી પડી હતી.

તાજેતરમાં મળેલી કેબિનેટની બેઠકમાં મુખ્યમંત્રીએ મંત્રીઓની સામે સ્પષ્ટ કહ્યુ હતુ કે હાલ કઈ થવાનુ નથી ચિંતા ન કરશો, તેમણે બેઠકમાં આવતાની સાથે જ કહ્યુ હતુ કે હાલ કોઈ ફેરફાર નથી બધા કામે લાગી જાઓ તેવુ સુત્રો દ્વારા જાણવા મળ્યુ હતું.

ગુજરાત સરકારની કેબિનેટમાં હજુ પણ ૧૦ સભ્યોને સમાવવા જગ્યા ખાલી છે, સુત્રો એવુ પણ કહી રહ્યા છે કે જો સરકારના મંત્રી મંડળમાં વિસ્તરણ થાય તો સૌરાષ્ટ્રને વધુ પ્રધાન્ય આપવામાં આવશે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં પાટીદાર સમાજને વધુ પ્રધાન્ય અપાશે આ ઉપરાતં કચ્છ અને મધ્ય ગુજરાત તેમજ ઉત્તર ગુજરાતમાંથી પણ પ્રતિનિધિત્વ અપાઈ શકે છે.

હાલની સરકારમાં વિવાદમાં રહેલા મંત્રીઓમાંથી બચુભાઈ ખાબડ અને ભીખુસિંહ પરમારને પડતા મુકવામાં આવશે. આ સિવાય અન્ય મંત્રીઓની નબળી કામગીરી તેમજ અધિકારીઓ પાસે કામ ન કરાવી શકનાર મંત્રીઓને પડતા મુકવાનો નિર્ણય લેવાઈ શકે છે.

તો બીજી તરફ સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા ભાજપના પ્રદેશ પ્રમુખ બન્યા હોવાથી તેઓને હવે મંત્રી તરીકે સ્થાન નહી મળે તેવુ પણ જાણવા મળ્યુ છે.

### ગુજરાત સરકારે દિવાળી પર વધારાની બે રજાઓ જાહેર કરતા કર્મચારીઓમાં ખુશીનો માહોલ

# ગુજરાતમાં સરકારી કર્મચારીઓનુ દિવાળીનુ મીની વેકેશન : તા. ૧૯થી ૨૬ ઓકટો. સુધી સતત ૮ દિવસ સરકારી કચેરીઓમાં રજા




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે દિવાળી અને બેસતા વરસ વચ્ચે આવતા પડતર દિવસે રજા જાહેર કરી છે. આથી દિવાળી પર્વ દરમિયાન તા. ૧૯ થી ૨૬ ઓકટોબર સુધી સતત ૮ દિવસની રજા કર્મચારીઓને મળશે.

ચાલુ વરસે ૨૦ ઓકટોબરે સોમવારે દિવાળી છે અને ૨૨ ઓકટોબર બુધવારે બેસતુ (નુતન) વરસ છે. જયારે ૨૩ ઓકટોબર ગુરૂવારે ભાઈબીજ નિમિત્તે જાહેર રજા છે, ત્યારબાદ ૨૫ ઓકટોબર શનિવાર અને ૨૬ ઓકટોબર ના રોજ રવિવારે જાહેર રજા આવે છે, આ રજાઓ વચ્ચે તા. ૧૨ ઓકટોબર મંગળવાર અને ૨૪ ઓકટોબર શુક્રવારે સરકારી કચેરીઓ ચાલુ રહેતી હોય છે, પરંતુ આ બંને પડતર દિવસોમાં સરકારી કચેરીઓ બંધ રહેશે. હવે પડતર દિવસો (૨૧ ઓકટોબર અને ૨૪ ઓકટોબર) રજા જાહેર કરાતા રવિવાર થી રવિવાર સુધી મીની વેકેશન જેવો માહોલ જામશે. રાજય સરકારે કર્મચારીઓને પોતાના વતનમાં પરીવાર સાથે તહેવાર ઉજવવાની સુવિધા માટે આ બંને દિવસોને પણ રજાના રૂપમાં જાહેર કર્યા છે. તેના બદલામાં તા. ૮ નવેમ્બર ૨૦૨૫ બીજો શનિવાર અને તા. ૧૩ ડીસેમ્બર ૨૦૨૫ બીજા શનિવારના રોજ આ તમામ કચેરીઓ ચાલુ રહેશે. ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા જાહેર કરાયેલા કેલેન્ડર વરસ ૨૦૨૫ માટેની જાહેર રજાઓ મુજબ દિવાળી પર્વ દરમિયાન અનેક રજાઓ આવે છે તે પ્રમાણે રજાઓ રહેશે.

# સીટી સર્વે અને ડીઆઈએલઆર વિભાગ હવે રાજયના જિલ્લા કલેકટરોના સીધા નિયંત્રણમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા સહિત રાજયભરમાં અરજદારોને ચલક ચલાણુ રમાડવા અને કામ કાયમ પેન્ડીંગ રાખીને અસહ્ય વિલંબથી ઉકેલવા માટે કુખ્યાત બનેલા સીટી સર્વે અને ડીઆઈએલઆર વિભાગ હાલ સુધી રણી ધણી વગરના હોય તેવી સ્થિતિમાં કાર્યરત હતા અને તેનો સ્ટાફ રીતસર ઘરની ધોરાજી ચલાવતો હતો. દરમિયાન આ અંગે રાજય સરકાર અને મહેસુલ વિભાગ સુધી ફરીયાદો પહોચતા તાજેતરમાં અગ્ર સચિવ જયંતિ રવિએ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

હાલ સુધી સેટલમેન્ટ કમિશ્નર ગાંધીનગર હેઠળ આવતા સીટી સર્વે અને ડીઆઈએલઆર વિભાગ હવેથી રાજયના જિલ્લા કલેકટરોના કાર્ય ક્ષેત્ર હેઠળ આવશે. આ નિર્ણયના અમલવારીના પ્રારંભિક તબકકે જ બંને વિભાગોના સીઆરની કામગીરી કલેકટરને સોંપી દેવામાં આવી છે.

હવે ટુંક સમયમાં રીવ્યુ અને મોનીટરીંગની કામગીરી પણ જિલ્લા કલેકટરને સોંપવા પરીપત્રિત હુકમ કરવામાં આવનાર હોવાનુ જાણવા મળે છે. અરજદાર ખાનગી વ્યકિત હોય કે સરકારી તંત્ર હોય કામગીરીમાં અસહ્ય વિલંબ કરીને અરજદારને તોબા પોકારી દેવા માટે મહાશય થયેલા સીટી સર્વે વિભાગ અને ડીઆઈએલઆર વિભાગ અંગે અરજદારો, વકીલો, રાજકીય આગેવાનો, ભાજપના નેતાઓ, સહિતના સ્તરેથી આ બંને વિભાગો અંગે લગાતાર ઉચ્ચ કક્ષા સુધી ફરીયાદો અવાર નવાર આવી રહી હતી. ખાસ કરીને આ બંને વિભાગો ગાંધીનગર સ્થિત સેટલમેન્ટ કમિશ્નર હેઠળ આવતા હોય સ્થાનિક સ્તરે બંને વિભાગો ઉપર કોઈનુ સીધુ નિયંત્રણ ન હતુ, આથી સ્થાનિક સ્તરે આ બંને વિભાગોનો સ્ટાફ કોઈને ગાંઠતો ન હતો તેમજ પેપરવેટ કર્યા વગર અને પ્રસાદી પેટમાં ન જાય ત્યાં સુધી કામ કરતો ન હતો.

ખુદ સત્તાધારી પક્ષ ભાજપના નેતાઓને પણ આ વિભાગનો કડવો અને ખરાબ અનુભવ થયો હતો ત્યારબાદ સમગ્ર મામલો મેદાને આવ્યો હતો અને નિર્ણાયક તબકકે પહોચ્યો હતો.

અરજદારોની સુગમતા અને કામની ઝડપ વધે તેવા હેતુથી રાજય સરકાર દ્વારા સીટી સર્વે વિભાગ અને ડીઆઈએલઆર કચેરીમાં અને ટેકનોલોજીકલ ઈન્સેટીવસ લેવામાં આવ્યા હતા. જો ખરેખર આ ટેકનોલોજીકલ ઈન્સેટીવ નો ખરા અર્થમાં અમલ કરવામાં આવે તો કામગીરી ઝડપી બને તેમ હતી. પરંતુ પોતાની રીતે કામ કરવા ટેવાયેલા ઈચ્છાધારી સ્ટાફે તેમાં પણ છટકબારીઓ શોધી લીધી હતી અને પોતાની રીતે જ નવૈધ અને પ્રસાદી પધ્ધતિનો વ્યાપ વધાર્યો હતો. ઉલ્લેખનીય છે કે જે રીતે રાજય સરકારમાં મધ્યાહન ભોજનનો અલાયદો વિભાગ છે પરંતુ જિલ્લા સ્તરે આ વિભાગ જિલ્લા કલેકટરના નિયંત્રણ હેઠળ છે તેમજ જે રીતે રાજય સરકારમાં પુરવઠા વિભાગનુ અલગ અસ્તિત્વ છે પરંતુ જિલ્લા સ્તરે પુરવઠા વિભાગ જિલ્લા કલેકટરના નિયંત્રણ હેઠળ છે તેવી જ રીતે હવે સીટી સર્વે કચેરી અને ડીઆઈએલઆર કચેરી જિલ્લા કલેકટરના નિયંત્રણ હેઠળ આવશે. અરજદારોમાં આ નિર્ણય થી ખુબ જ આનંદની લાગણી પ્રસરી છે અને વહેલામાં વહેલી તકે આ નિર્ણય અમલી થાય તેની લાખો અરજદારો રાહ જોઈ રહ્યા છે.

# સુરતની એક કામવાળીએ ખરીદ્યો ૬૦ લાખનો ફલેટ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ભારતમાં ઘર ખરીદવું બધા લોકો માટે એક સપના સમાન હોય છે. પ્રોપર્ટીની મોંઘી કિંમતો, બેંકના હપ્તા અને ઈન્ટીરિયર ખર્ચ તેને વધુ પડકારજનક બનાવે છે. તેવામાં જ્યારે એક કન્ટેન્ટ ક્રિએટરની ઘરેલું સહાયક (house help) એ માત્ર ૧૦ લાખ રૂપિયાની લોનમાં સુરતમાં ૬૦ લાખ રૂપિયાનો 3BHK ફ્લેટ ખરીદ્યો તો સોશિયલ મીડિયા પર બધા ચોંકી ગયા.

કન્ટેન્ટ ક્રિએટર નલિની ઉંગારે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે તેની કામવાળી સવારે ખુશથી ચમકી ઉઠેલા ચહેરા સાથે આવી અને કહેવા લાગી કે તેણે સુરતમાં ૬૦ લાખનો ફ્લેટ ખરીદ્યો છે. આ સાથે તેણે ૪ લાખ રૂપિયા ફર્નીચર પર ખર્ચ કર્યા અને માત્ર ૧૦ લાખ રૂપિયાની લોન લીધી. નલિનીએ કહ્યું- હું ખરેખર ચોંકી ગઈ. જાણવા પર સામે આવ્યું કે આ તેની પ્રથમ સંપત્તિ નથી. મહિલા પોતાના ગામમાં બે માળના ઘર અને એક દુકાનની માલકિન છે, જે ભાડા પર છે. નલિનીએ કહ્યું કે આ સાંભળી તે દંગ રહી ગઈ, આ સ્થિતિ ઓનલાઈન યુઝર્સની પણ છે. સોશિયલ મીડિયા પર યુઝર્સ તેની નાણાકીય સમજદારી અને બચતના વિચારની પ્રશંસા કરી રહ્યાં છે. નલિનીએ સ્પષ્ટ કર્યું કે આ કોઈ જાદૂ કે ભાગ્ય નહીં, પરંતુ સમજદારીથી બચત કરવી અને ખોટા ખર્ચથી બચવાનું પરિણામ છે.

તેણે કહ્યું કે હંમેશા સમાજમાં તે ધારણા હયો છે કે ઘરેલું કામ કરનાર ગરીબ ગોય છે, પરંતુ ઘણા લોકો પૈસા સંભાળી, બચત કરી જીવનમાં મોટા નિર્ણય લે છે.

# ગુજરાત સરકારના ૨૦૨૬-૨૭ ના બજેટની તૈયારી શરૂ : નાણાં વિભાગે તમામ વિભાગોને આપી સુચના



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે આગામી વરસ ૨૦૨૬-૨૭ ના વાર્ષિક બજેટની તૈયારીઓનુ વિધિવત પ્રારંભ કરી દીધુ છે. રાજયના નાણાં વિભાગે આ અંગે એક પર પાનાનો વિગતવાર પત્ર તમામ વિભાગોને મોકલીને બજેટની કામગીરી શરૂ કરવા માટે સુચનાઓ આપી છે, આ પ્રક્રિયાના ભાગરૂપે દરેક વિભાગે તેમની આવક અને ખર્ચના અંદાજોને નિયત સમય મર્યાદામાં નાણાં વિભાગ સમક્ષ રજુ કરવાના રહેશે. બજેટની તૈયારીઓ વહેલી શરૂ કરવા પાછળનો હેતુ નાણાંકીય આયોજનને વધુ સુવ્યવસ્થિત અને અસરકારક બનાવવાનો છે. નાણાં વિભાગ દ્વારા તમામ સરકારી વિભાગોને કડક સમય મર્યાદા આપવામાં આવી છે, વિભાગોએ તેમના આવક અને ખર્ચના અંદાજો આગામી ૧૫ ઓકટોબર સુધીમાં રજુ કરવા પડશે. આ ઉપરાંત વિભાગોએ વર્ષ ૨૦૨૫-૨૬ માટેના સુધારેલા મહેસુલી અને મુડી ખર્ચના અંદાજો પણ ૧૫ ડીસેમ્બર સુધીમાં સોંપવાના રહેશે. નાણાં વિભાગે સ્પષ્ટ સુચના આપી છે કે નિયત સમય મર્યાદામાં જ તમામ માહિતી પુરી પાડવામાં આવે જેથી સમગ્ર બજેટ પક્રિયા સમયસર અને ભુલમુકત રીતે પુર્ણ થઈ શકે. આ વખતના બજેટની તૈયારીઓમાં નાણાં વિભાગે એક મહત્વનો અને કડક નિર્ણય લીધો છે. જે બાબતોમાં છેલ્લા ૩ વરસથી બજેટમાં જોગવાઈ કરવામાં આવી હોય પરંતુ તે જોગવાઈ હેઠળ કોઈ ખર્ચ ન થયો હોય(નો-એકસપેન્સ કેસો) તેવા કિસ્સાઓને નવા બજેટ (૨૦૨૬-૨૭) માં સમાવેશ ન કરવાની સુચના આપવામાં આવી છે. આ પગલુ બજેટને વધુ વ્યવહારૂ અને ખર્ચ આધારીત બનાવાશે. તેમજ બિન જરૂરી જોગવાઈઓ કે જેનો ઉપયોગ થતો નથી તેને દુર કરીને નાણાંકીય સંશાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરવા પર ભાર મુકશે.

# પીપાવાવ રેલ કોર્પોરેશન દ્વારા CSR પ્રોજેક્ટ હેઠળ ભાવનગર રેલવે મંડળના બાલ મંદિર અને કિડ્સ હટ શાળાના વિકાસમાં ફાળો




પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO), ભાવનગર મંડળ દ્વારા સંચાલિત કિડ્સ હટ અને બાલ મંદિર શાળાના નાનકડા બાળકોના સર્વાંગી વિકાસ માટેના ઉત્તમ પ્રયત્નોની શ્રેણીમાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના પ્રયત્નોથી, તા. ૦૮ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ પીપાવાવ રેલ કોર્પોરેશન લિમિટેડ (PRCL) દ્વારા તેના CSR (Corporate Social Responsibility) કાર્યક્રમ — "જ્ઞાન ઉદય પ્રોજેક્ટ" — અંતર્ગત શાળાઓના વિકાસ માટે વિવિધ શૈક્ષણિક તથા બાંધકામ સંબંધિત વસ્તુઓ પ્રદાન કરવામાં આવી છે.

આ વસ્તુઓમાં સ્માર્ટ બોર્ડ, બેન્ચ, કપબોર્ડ, બ્લેકબોર્ડ, વ્હાઇટબોર્ડ સહિત અનેક ઉપયોગી સામગ્રીનો સમાવેશ થાય છે, જેના થકી શાળાઓમાં અભ્યાસનું વાતાવરણ વધુ સશક્ત અને આધુનિક બનશે. લાયકાતપૂર્ણ છે કે આ બન્ને શાળાઓ છેલ્લા ૩૬ વર્ષથી સંચાલિત છે અને રેલવે કર્મચારીઓ તથા અન્ય સામાન્ય નાગરિકોના બાળકો માટે ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણનું કેન્દ્ર બની રહી છે.

આ અવસરે પીપાવાવ રેલ કોર્પોરેશન લિમિટેડ તરફથી

- શ્રીમતી સીમા કુમાર, મેનેજિંગ ડિરેક્ટર (નવી દિલ્હી)
- શ્રી મુકુલ જૈન, સિનિયર વાઇસ પ્રેસિડન્ટ (નવી દિલ્હી)
- શ્રીમતી લીના નરવાલ, કંપની સેક્રેટરી/ઉપાધ્યક્ષ (નવી દિલ્હી)
- શ્રી રાજકુમાર પંજવાની, સિનિયર મેનેજર (ભાવનગર)

ઉપસ્થિત રહ્યા હતા.

ભાવનગર રેલવે મંડળ તરફથી મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્મા, અન્ય વરિષ્ઠ અધિકારીઓ તથા પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO), ભાવનગર મંડળની અધ્યક્ષા શ્રીમતી શાલિની વર્મા અને સંગઠનની અન્ય પદાધિકારિયો ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલથી શાળાઓના આધારભૂત ઢાંચાને મજબૂતી મળી છે, અને બાળકોના સર્વાંગી વિકાસ તથા આધુનિક શિક્ષણના વાતાવરણને પણ એક નવો આયામ પ્રાપ્ત થયો છે.

## અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા ૩ દરવાજા, ભદ્રપ્લાઝા ખાતે ગરીબ લારીવાળા તેમજ પાથરણાવાળાઓને થતી હેરાનગતિને લઈ કોંગ્રેસ દ્વારા કમિશ્નરને આવેદનપત્ર અપાયું





પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે અમદાવાદના ૩ દરવાજા, ભદ્રપ્લાઝા ખાતે મહિલા સેવા સંસ્થા થતા પાથરણાવાળાઓને કાયદેસર બેસવા માટેની પરવાનગી આપેલી છે ત્યારે આ ગરીબ લારીવાળા તેમજ પાથરણાવાળાઓને ઉંચા વ્યાજે શાહુકારો પાસેથી તેમજ બેંકોમાંથી લોન લઈ પોતાનુ પેટીયુ રળી ખાવા માટે રોજી રોટી કમાઈ રહ્યા છે.

ત્યારે આ ગરીબ લારીવાળા તેમજ પાથરણાવાળાઓને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા હેરાનગતિ કરવામાં આવતા અમદાવાદના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા સહિત કોર્પોરેટરો દ્વારા ગઈ કાલે સાંજે મેયર તેમજ કમિશ્નરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

જેમાં જણાવવામાં આવ્યુ હતુ કે ગરીબ લારીવાળા તેમજ પાથરણાવાળા ટ્રાફીકને અચડણરૂપ ન હોઈ તેમજ તેઓને બેસવા તેમજ રોજીરોટી કમાવવા માટે તેઓને હેરાનગતિ ન કરવા અંગે કોંગ્રેસના વિપક્ષ નેતા શહેજાદખાન પઠાણ, પૂર્વ સીનીયર ધારાસભ્ય ગ્યાસુદ્દીનશેખ, ગુજરાત કોંગ્રેસ મહિલા પ્રમુખ ગીતાબેન પટેલ, શહેર કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવાદળ તેમજ યુથ કોંગ્રેસ સહિત એનએસયુઆઈના આગેવાનોએ ભેગા મળી મેયર તેમજ કમિશ્નરને આવેદનપત્ર આપ્યુ હતું.

## સુરતના લીંબાયતમાં સગા ભાઈએ બહેનના ભરણ પોષણના રૂ.૩ લાખ પચાવી પાડતા પોલીસ ફરીયાદ




પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેરના લીંબાયત વિસ્તારમાં નુરાની મસ્જીદ પાસે રહેતી ત્યકતાએ તેના સગા ભાઈ વિરૂધ્ધ રૂપીયા ૩. ૪૦ લાખની છેતરપીંડીની ફરીયાદ નોંધાવી છે. સગા ભાઈએ બહેનના તલ્લાક વખતના ભરણ પોષણની રકમ પોતાની પાસે રાખી લીધી હતી.

જો કે આ રકમ બાદમાં બારોબાર પચાવી પાડી બહેન સાથે છેતરપીંડી કરતા આખરે ભોગ બનનાર બહેને લીંબાયત પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે સગા ભાઈ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ સુરતના લીંબાયત વિસ્તારમાં નુરાની મસ્જીદ પાસે આવેલ મજદાપાર્ક સોસાયટીમાં રહેતા મોહંમદ સમીમ અંસારીની દિકરી ફરજાનાબાનુના લગ્ન થયા બાદ તેના વર્ષ ૨૦૨૦ માં તલાક થઈ ગઈ હતી. આ સમયે ભરણ પોષણની રૂપીયા ૩.૪૦ લાખની રકમ તેમની પાસે આવી હતી, આ રકમ ફરજાનાબાનુના સગા મોટા ભાઈ અબ્દુલ ખાલીદ મોહંમદ સમીમ અંસારીએ પોતાની પાસે રાખી હતી. જેમાં અબ્દુલ ખાલીદે તેની બહેનના નામે બેંકમાં એકાઉન્ટ ખોલાવી આપ્યુ હતું. પરંતુ તેમાં મોબાઈલ નંબર પોતાનો રજીસ્ટ્રેશન કરાવ્યો હતો, ત્યારબાદ વકીલને ચુકવવાની રકમ રૂપીયા ૩૫ હજારની ફી માં બહેનની સહીઓ કરાવી લીધી હતી અને ત્યારબાદ ખાતામાં રહેલા રૂપીયા ૩.૦૫ લાખ ઉચાપત કરવાના બદઈરાદા રજીસ્ટ્રેટ કરાવી ખાતુ ચાલુ રાખ્યુ હતું.

જો કે ત્યારબાદ ૨૯/૧૦/૨૦૨૪ માં ૨૪ હજાર તથા ૩૦/૧૦/૨૦૨૦ ના રોજ ૨૫ હજાર અને ૩૧/૧૦/૨૦૨૦ ના રોજ ૧ લાખ તથા ૧/૧૧/૨૦૨૦ ના રોજ ૧.૫૫ લાખ મળી કુલ રૂપીયા ૩.૦૪ લાખ ઉચાપત કરી લીધી હતી. જો કે જે તે સમયે ફરજાનાબાનુને પૈસાની જરૂર હોવાથી તેઓએ ખાતામાં કોઈ બેલેન્સ ચેક કર્યુ ન હતું. પરંતુ હાલમાં તેમના પપ્પાની તબિયત બગડી હોવાથી પૈસાની જરૂર પડી હતી. જેથી તેઓએ બેંકમાં પૈસા ઉપાડવા માટે જતા તેમના ખાતામાં માત્ર ૧ હજાર રૂપીયા બેલેન્સ હોવાનુ માલુમ પડયુ હતું. જેથી તેઓએ તપાસ કરાવતા તેમના ખાતામાંથી જે તે સમયે જ તેના સગા ભાઈ અબ્દુલ ખાલીદે પૈસા ઉપાડી લઈ છેતરપીંડી કરી હતી. ફરજાનાબાનુએ ભાઈ પાસે પૈસાની માંગણી કરતા તેને પૈસા આપવાનો પણ ઈન્કાર કરી દીધો હતો. જેથી આખરે ભોગ બનનાર ફરજાનાબાનુએ લીંબાયત પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે અબ્દુલ ખાલીદ વિરૂધ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અશાંતધારાની પરમીશનનો હુકમ ઉચ્ચ કક્ષાએ ચકાસણી પછી જ ઉપયોગમાં લેવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં મિલ્કતોના દસ્તાવેજ, સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન મુદ્દે સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસની કચેરી દ્વારા સમિક્ષા કરીને કાર્ય પધ્ધતિ જારી કરી સંબંધીત અધિકારીઓને તેને અનુસરવા માટે સુચના આપવામાં આવી છે.



રાજયની તમામ નાયબ કલેકટર, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રની કચેરીના નાયબ કલેકટર, આસિસ્ટન્ટ નોંધણી સરનિરીક્ષક અને નોંધણી નિરીક્ષકની સાથે સ્ટેમ્પસ સુપ્રિટેન્ડેન્ટ અને નોંધણી સર નિરીક્ષક જેનુ દેવન સાથે તાજેતરમાં વિડીયો કોન્ફરન્સ થકી બેઠક યોજાઈ હતી. તે પછી ભવિષ્યની કામગીરીનુ આયોજન, કેટલાક અસ્પષ્ટ અને ગુંચવાળાભર્યા મુદ્દા હોય તેમાં સ્પષ્ટતા સાથેની માર્ગદર્શિકા ૫ ઓકટોબરે બહાર પાડવામાં આવી છે, જેમાં અમદાવાદ સહિત રાજયના અનેક શહેરો અને વિસ્તારોમાં અશાંતધારાનો અમલ થઈ રહ્યો છે ત્યારે અમદાવાદની કચેરીના ધ્યાન ઉપર અશાંતધારાની પરમીશનનો એક હુકમ શંકાસ્પદ લાગતા આ મુદ્દે પણ સુચના જારી કરાઈ છે. નરોડા, નારોલ, વેજલપુર અને પાલડીમાં દસ્તાવેજ સાથે રજુ થયેલા અશાંતધારાની પરમીશનના હુકમ શંકાસ્પદ લાગતા તેની ખરાઈ કરી સબ રજીસ્ટ્રાર દ્વારા કયુઆર કોડ સ્કેન કરતા કોઈ ડેટા મળ્યો ન હતો. તેથી પરમીશન સાચી છે કે નહી તે ચકાસવા સબ રજીસ્ટ્રાર કચેરી દ્વારા અમદાવાદના પૂર્વના સીટી ડેપ્યુટી કલેકટરને તે મોકલી આપતા આવી કોઈ પરમીશન અપાઈ નહી હોવાનો જવાબ મળ્યો હતો. તેને ધ્યાનમાં રાખીને હવે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવતી પરમીશન કે હુકમની નાયબ કલેકટર કક્ષાએ જ ચકાસણી કર્યા બાદ તે પછી જ તેનો દસ્તાવેજમાં ઉપયોગ કરવાનો રહેશે તેમ સ્ટેમ્પસ કચેરી દ્વારા સુચના અપાઈ છે.

સ્ટેમ્પ એકટ સંદર્ભે અપાયેલી સુચનામાં જે કિસ્સામાં એએસઆર અને જંત્રીના ભાવો ઉપલબ્ધ હોય અને તે ભાવ કરતા ઓછા ભાવનો અભિપ્રાય આપવાનો થાય તો તેવા કિસ્સામાં નાયબ કલેકટરે સ્થળ સ્થિતિનુ પંચનામુ, આજુબાજુના જંત્રી ભાવો અને તે જ જમીન માટે અગાઉ થયેલા દસ્તાવેજોમાં દર્શાવેલા ભાવ વિગેરે ધ્યાનમાં લઈને સ્પિકિંગ ઓર્ડર કરવાનો રહેશે, તેવી જ રીતે નાયબ કલેકટર દ્વારા અપાયેલા અભિપ્રાયમાં જંત્રીમાં આપેલા ભાવ અને જયાં જંત્રીમાં જે સર્વે નંબરનો ભાવ નથી તેવી મિલ્કત માટે આજુબાજુના સર્વે નંબરના ભાવ મુજબ ગણતરી કરતા જે કિસ્સામાં બજાર કિંમતમાં ૨૦ ટકા કરતા વધુ ઘટાડો થતો હોય તેવા પ્રકરણો સમિક્ષા માટે ઉચ્ચ અધિકારીને એક સપ્તાહમાં મોકલવાના રહેશે. નાયબ કલેકટરોને લીજ એન્ડ લીવ લાયસન્સના લેખમાં સ્ટેમ્પ ડયુટી ગણતરીમાં વધુ સ્પષ્ટતા રહે તે માટે અપાયેલી સુચના મુજબ આવા દસ્તાવેજો પર સ્ટેમ્પ ડયુટીની ગણતરી કરવાના હેતુ માટે જે અવેજ અથવા મુલ્ય પર ડયુટી વસુલવા પાત્ર છે. તેમાં લાયસન્સ ફી, ભાડુ, સુરક્ષા ડીપોઝીટ, કોમન એરીયા મેઈન્ટેનન્સ ચાર્જીસ અને ડીપોઝીટ તેમજ કરારના ભાગ રૂપે લાયસન્સ દાતા કે મકાન માલીકને સીધી રીતે ચુકવવા પાત્ર અન્ય કોઈપણ ફી કે ચાર્જ નો સમાવેશ થશે.

આ ગણતરીમાં થી જીએસટી, મિલ્કત વેરો સહિતની સરકારી વસુલાત કે જે લાયસન્સ દાતા કે મકાન માલીક સત્તા મંડળ વતી જ એકત્ર કરતા હોય તે તેવા વેરા કે ટેક્ષ ગણતરીમાં લેવાના રહેશે નહી. આ તમામ સુચનાઓના અમલીકરણ માટે અને તેની ચકાસણી તેમજ ફોલોઅપ કરવા ૪ ઝોનના અધિક નોંધણી સર નિરીક્ષકને તાકીદ કરાઈ છે.

## રાજ્યભરમાંથી સહકારી ક્ષેત્રે જોડાયેલા ભાઈઓ-બહેનોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરતા ૧ કરોડ ૧૧ લાખ ૭૫ હજાર પોસ્ટકાર્ડ લખ્યાં

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાત સહિત સમગ્ર દેશમાં સહકારી માળખાનો અભૂતપૂર્વક વિકાસ થઈ રહ્યો છે, જેના પરિણામે પશુપાલકો-ખેડૂતો આર્થિક અને સામાજિક રીતે ખૂબ સદ્ધર બન્યા છે. સહકારી ક્ષેત્રે લેવાયેલા લોકહિતકારી નિર્ણયો બદલ સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, હોદ્દેદારો અને સભાસદો દ્વારા પોસ્ટકાર્ડ મારફત વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત વડાપ્રધાનશ્રીના જન્મ દિવસ તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫થી અત્યારસુધીમાં સમગ્ર રાજ્યમાંથી ૧ કરોડ ૧૧ લાખ ૭૫ હજાર પોસ્ટકાર્ડ લખવામાં આવ્યા છે. પોસ્ટ વિભાગ દ્વારા દર વર્ષે સમગ્ર દેશ માટે અંદાજે ૧.૫૦ કરોડ પોસ્ટકાર્ડ છાપવામાં આવે છે, જ્યારે માત્ર ગુજરાતના સહકાર ક્ષેત્ર દ્વારા ખુબ જ ટૂંકા સમયગાળામાં ૧ કરોડ ૧૧ લાખ ૭૫ હજાર પોસ્ટકાર્ડ લખવામાં આવ્યા છે. આ લખેલા પોસ્ટકાર્ડોનું, આત્મનિર્ભર ભારત, સ્ટેચ્યુ ઓફ યુનિટી, બુલેટ ટ્રેન, વિકસિત ભારત @ ૨૦૪૭, ઓપરેશન સિંદૂર, અટલ બ્રિજ, આપણી મેટ્રો વગેરે જેવી થીમ ઉપરનું, પ્રદર્શન વલ્લભ સદન, સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું છે, જેનો જાહેર જનતા તા. ૧૦ ઓકટોબર, ૨૦૨૫ સુધી લાભ લઈ શકશે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં GSTમાં ઘટાડો, મેક ઈન ઈન્ડિયા, સ્વદેશી પ્રોત્સાહન, આત્મનિર્ભર ભારત અભિયાન જેવા લેવામાં આવેલા વિવિધ પગલાંઓના પરિણામે ગરીબ, મધ્યમવર્ગ અને ખેડૂત સૌ માટે સુખાકારીનો નવો યુગ શરૂ થયો છે. વધુમાં, GST સુધારણાના પગલાંથી ઉપકરણો, ખાતર, બિયારણ બધું જ સસ્તું થયું છે, જેથી ખેડૂતો પાસે પૈસાની વધુ બચત થઈ છે અને આર્થિક રીતે સશક્ત બન્યા છે. આમ, ડેરી અને કૃષિ ક્ષેત્રે થયેલા આમૂલ પરિવર્તનને પરિણામે ગ્રામીણ અર્થવ્યવસ્થાને પણ ખૂબ સારો વેગ મળ્યો છે. સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના માર્ગદર્શનમાં રાજ્યમાં આવેલ ૧૨૦૦૦ ગામડાઓમાં આવેલ દૂધ ઉત્પાદક મંડળીઓ, પ્રાથમિક સેવા સહકારી મંડળીઓ, માર્કેટિંગ સોસાયટીઓ, પ્રોસેસિંગ સોસાયટીઓ,તથા અન્ય મંડળીઓ એમ કુલ ૨૮૦૦૦ થી વધુ સહકારી મંડળીઓ તથા સ્ટેટ કો-ઓપરેટીવ બેંક, સેન્ટ્રલ કો-ઓપ. બેંક, ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, દૂધ સંઘો, ગુજરાત રાજ્ય કો.ઓપ. માર્કેટીંગ ફેડરેશન, ખરીદ-વેચાણ સંઘોના સભાસદો દ્વારા વડાપ્રધાનશ્રીને કૃતજ્ઞતા વ્યક્ત કરતાં પોસ્ટકાર્ડ લખવામાં આવ્યા છે. કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં દેશભરમાં 'આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫'ની ઉજવણી થઈ રહી છે, ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સહકારી ક્ષેત્રે અનેક આયામો સર કર્યા છે. જે અંતર્ગત PACS કોમ્પ્યુટરાઈઝેશન, ઝીરો ટકા વ્યાજ સહાય, ગોડાઉન બાંધવા માટે સહાય, CSC થી સભાસદોને ગ્રામીણ કક્ષાએ તમામ સુવિધાઓ ઉપલબ્ધ, PACS પાણી સમિતી તરીકે કાર્યરત, ખાતર વિતરણ, PMKSK, વિશ્વનો સૌથી મોટો અનાજ સંગ્રહ કાર્યક્રમ, PACS ઈન્સેટીવ મારફત થતા આર્થિક લાભ, મલ્ટીસ્ટેટ સહકારી મંડળીઓ: NCEL, NCOL, BBSSL ના સભાસદ, પ્રાકૃતિક ખેતી, પમ્પ સિંચાઈ યોજના હેઠળ પિયત સહકારી મંડળીઓને સહાય, દૂધ મંડળીઓને સોલાર રૂફટોપ માટે સહાય, દૂધઘરથી પશુપાલકોને લાભ, કિસાન સન્માન નીધિ, સૌરાષ્ટ્ર માટે પાણી આપતી સૌની યોજના, મહિલાઓને સન્માન, ટેકાના ભાવે MSP, વિધવા સહાય, સ્વદેશી-વોકલ ફોર લોકલ જેવી અનેક ખેડૂતલક્ષી/પ્રજા કલ્યાણલક્ષી યોજનાઓનો સમાવેશ થાય છે. જીગર બારોટ

